# મોડાસાના ગાજણ ગામમાં શિક્ષણ વિભાગની મંજુરી વગર 'દર્શન એકેડેમી' દ્વારા પ્રવેશના હોર્ડીંગ લગાવાયા

## ખેતીની જમીનમાં પહેલા આશ્રમના નામે રૂમો તાંણી બંધાયા પછી દર્શન એકેડેમી નામની સ્કૂલ શરૂ કરી દેવાતા હોબાળો

મોડાસા, તા. ૩

અરવલ્લી જિલ્લાના મુખ્ય મથક મોડાસા શહેરથી મોડાસા-શામળાજી ફોરલેન હાઈવે પર ગાજણ ગામની સીમમાં જમીન બીન ખેતી કર્યા સીવાય આશ્રમના નામે રૂમો તાણી બંધાયા પછી આ આશ્રમના બોર્ડ હટાવી "દર્શન એકેડેમી" નામની ખાનગી શાળા તાણી બંધાતા ખળભળાટ મચ્યો છે, દર્શન એકેડેમી દ્વારા શિક્ષણ લગાવી દેવામાં આવતા આ એકેડેમીના અભિગમથી જિલ્લાના પ્રજાજનોમાં અનેક તર્ક વિતર્ક થઈ રહ્યા છે. જિલ્લામાં બિલાડીના ટોપની જેમ શિક્ષણ જગતને રૂપિયા કમાઈ લેવાનું હાથવગુ હથિયાર બનાવી ઠેર-ઠેર અનેક ગેરકાયદેસર શાળાઓ ખુલી ગઈ હોવાનું સ્પષ્ટ પણે જણાઈ રહ્યું છે.

મોડાસા શહેર જિલ્લાનુ વડુમથક બનતા રોડ ટચ રહેલી ધર્મના નામે જમીન હડપવા મીટ માંડીને બેઠા છે. ગાજણ ગામની સીમમાં સાવન કૃપાલ રૂહાની દ્વારા જમીન ખરીદાયા પછી બીન ખેતી કર્યા વગર જ રૂમો તાણી બાંધવામાં આવી હતી. ત્યાર બાદ આશ્રમના બોર્ડ રાતોરાત ઉતારી લીધા પછી "દર્શન એકેડેમી"ના નામ હેઠળ શૈક્ષણિક સંકુલમાં શૈક્ષણિક કાર્ય શરૂ કરવાના આશયથી મોડાસા શહેર અને જિલ્લાના અનેક દર્શન એકેડેમીમાં પ્રવેશ માટેના હોર્ડિંગ લગાવી દેવામાં આવતા જિલ્લાના પ્રજાજનોમાં દર્શન







વિભાગની મંજુરી લીધા વગર મોડાસા શહેર અને જિલ્લામાં ઠેર-ઠેર શાળામાં પ્રવેશના હોર્ડિંગ કેટલીક જમીનોના ભાવ રોતારાત કરોડો રૂપિયા બોલાઈ રહ્યા છે. જિલ્લાના કેટલાક વ્યક્તિઓ દ્વારા વિસ્તારોમાં પ્રજાજનોની આંખમાં ધૂળ નાખતા હોય તેમ શિક્ષણ વિભાગની મંજુરી મેળવ્યા વગર જ વહીવટદારો દ્વારા જિલ્લા શિક્ષણ વિભાગ કચેરી અને જિલ્લા પંચાયત શિક્ષણ વિભાગના ચેરમેન એકેડેમી અંગે અનેક પ્રશ્નો મનમાં ઉપસ્થિત થયા છે.

દર્શન એકેડેમીના જણાવ્યા અનુસાર આ હોર્ડિંગ માત્ર જાહેરાત પુરતા લગાવવામાં આવ્યા છે. અને એકેડેમી દ્વારા ધોરણ-૧ કે કોઈપણ ધોરણની મંજુરી તંત્ર પાસે માંગી નથી અને હાલમાં આવી કોઈ મંજુરી લેવાની અપેક્ષા રાખવામાં આવી નથી. નજીકના સમયમાં જો તંત્ર દ્વારા નિયમનુસાર મંજુરી માંગીશુ અને મંજુરી મળશે તો ધોરણ-૧ના વર્ગો શરૂ કરાશે તેમ જણાવ્યુ હતુ. ત્યારે જિલ્લા પ્રાથમિક શિક્ષણ વિભાગના સુત્રોના જણાવ્યા મુજબ દર્શન એકેડેમીના આગળ લેખિતમાં મંજુરી મેળવવા કાર્યવાહિ હાથ ધરી છે.

જિલ્લા શિક્ષણ અધિકારી એ.પી. ઝાલા દ્વારા દર્શન એકેડેમીને કોઈપણ મંજુરી આપવામાં આવી નથી તેમજ આ સંસ્થા દ્વારા શૈક્ષણિક કાર્ય શરૂ કરી દેવામાં આવશે તો નિયમ અનુસાર કાર્યવાહી કરવામાં આવશે તો જિલ્લા શિક્ષણ વિભાગ કે જિલ્લા શિક્ષણાધિકારીઓ દર્શન એકેડેમી દ્વારા લગાવેલા પ્રવેશ માટેના બોર્ડની તપાસ હજુ સુધી કેમ ના કરાઈ કે પછી જિલ્લા શિક્ષણાધિકારી એ.પી. ઝાલા દ્વારા આંખ આડે કાન કરાયા તે યક્ષ પ્રશ્ન છે.



"સમય સમયની બલિહારી છે" જે હકિકતને આ તસવીર સમર્થન પુરૂ પાડે છે. તલોદ ખાતે મહાદેવ સમીપ આવેલ તળાવ અનેક સુકી-લુલી જોવા મજબુર રહ્યુ છે. સુંદર મનભાવન કમળના વેલાથી શુશોભિત એક સમયનું આ તળાવ આજે ગંદકી, કાદવ-કીચડ-કચરો અને નકામી વનસ્પતિને કારણે પંથકમાં રહીશો માટે ત્રાસદાયક પુરવાર થયું છે. તંત્ર જાગ્રત બને અને આ તળાવની તાકીદે સફાઈ કરાવે તેવી પ્રચંડ માંગ સંખ્યાબંધ પરિવારોએ કરી છે.

# પવનની દિશા બદલાતાં ફરી આકાશ સ્વચ્છ થયુ

## અરવલ્લી-સાબરકાંઠા જિલ્લામાં ફરી ઉગ્ર બનતા તાપમાન ૪૩ ડિગ્રીએ પહોંચ્યું

મોડાસા, તા. ૩

અરવલ્લી-સાબરકાંઠા જિલ્લામાં ગત સપ્તાહમાં વાદછાયુ વાતાવરણ રહેતા ગરમીમાં આંશિક ઘટાડો થતાં પ્રજાજનોએ રાહત અનુભવી હતી. પરંતુ પશ્ચિમના ગરમ પવનોએ બન્ને જિલ્લામાં ગરમીમાં પ્રભાવીત કર્યુ હતુ. તેમજ મે માસના પ્રારંભથી જ ગરમીએ કાળો કેર વર્તાવતા છેક તાપમાનનો પારો ૪૮ ડીગ્રીએ પહોંચેલી આ ધોમધખતા તડકાથી માનવીઓ સહિત મુંગા પશુઓ ત્રાહિમામ પોકારી ઉઠ્યા હતા અને શહેરના મુખ્ય માર્ગો સહિત પશ્ચિમ દિશા તરફના પવનો ફૂંકાતા આકાશ ફરીથી સ્વચ્છ બનતા સૂર્યના તેજ કિરણોએ ધરતીને ધગધગતી બનાવી છે. અને તાપમાનનો પારો ઉંચો ચડ્યો છે. બંન્ને જિલ્લાના વાતાવરણમાંથી વાદળો ઘેરાતા છેલ્લા ત્રણ દિવસથી ગરમીનુ પ્રમાણ



એકાદ સપ્તાહ દરમ્યાન રાહત પછી પાછલા ત્રણ દિવસથી વાતાવરણ બદલાયુ છે. આકાશ સ્વચ્છ થતાં ગરમીએ ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું છે. તાપમાનનો પારો ફરીથી ૪૩ ડિગ્રીએ પહોંચતા લોકોને અસહ્ય ગરમીથી તોબા પોકારી ઉઠ્યા છે.

અરવલ્લી-સાબરકાંઠા જિલ્લામાં ઉનાળાના પ્રારંભથી જ દેહ દઝાડતી ગરમીએ જનજીવન હાઈવે રોડ ઉપર પણ અને ગ્રામ્ય વિસ્તારોમાં કુદરતી કરફ્યુ જેવી સ્થિતિ જોવા મળી રહી હતી. ત્યારે ગત સપ્તાહમાં એકાએક વાતાવરણમાં પલટો આવી જતા અને આકાશે કાળાડિબાંગ વાદળો ઘેરાતા સતત વાદળછાયા વાતાવરણથી તાપમાનનો પારો ૬ થી ૭ ડીગ્રી નીચે ગગડતા પ્રજાજનોએ આંશિક રાહત મેળવી હતી. ત્યાં જ નૈઋત્વથી ૪૧ ડિગ્રી અને શુક્રવારે ૪૩ ડિગ્રીએ પહોંચતા લોકોએ ફરીથી કાળઝાળ ગરમીમાં ધોમધખતા તાપમાં શેકાયા હતા. જિલ્લાના મુખ્ય મથક મોડાસા શહેરના મુખ્યમાર્ગો પર અસહ્ય ગરમીથી સુમસામ ભાસતા નજરે ચડતા હતા. પ્રજાજનો વાદળો ઘેરાતા વરસાદ થવાની સંભાવના બાદ એકાએક અસહ્ય ગરમી પડવાની શરૂ થતા પ્રજાજનો તોબા પોકારી ઉઠ્યા છે.

# પાલનપુર સરકારી ઈજનેરી કોલેજના વિદ્યાર્થીઓએ સ્વયં સંચાલિત રોબર્ટ તૈયાર કર્યો

પાલનપુર જગાણા નજીક આવેલા સરકારી ઈજનેરી કોલેજમાં અભ્યાસ કરતા ચાર વિદ્યાર્થીઓએ સ્વયંમ સંચાલિત કચરાપેટી માટે રોબર્ટ બનાવવાના પ્રોજેક્ટ પર કામ કરી રહ્યા છે. જેમાં એમને ખુબજ સફળતા મળી છે. સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત છેલ્લા કેટલાય સમયથી



પાલનપુર સરકારી ઈજનેરી કોલેજના વિદ્યાર્થીઓ એક રોબર્ટ તૈયાર કરી રહ્યા છે. આ એક એવો રોબર્ટ હશે કે જાતે જ કચરો લઈને નક્કી કરેલી જગ્યા પર કચરાનું જાતે જ નિકાલ કરશે એટલે કે એક પ્રકારની સ્વયંમ સંચાલિત કચરાપેટી છે જેને રોબર્ટનું લુક આપવાની કામગીરી ચાલી રહી છે. કોઈપણ વ્યક્તિ જ્યારે રોબર્ટ પાસે કચરો નાખવા જશે ને જાતે જ ઢાંકણ ખુલી જાય છે અને કચરો નાખ્યા પછી જાતે જ ઢાંકણ બંધ થઈ જાય છે અને જ્યારે કચરાપેટી ભરાઈ જાય છે ત્યારે રોબર્ટ પોતાની જાતે જ નિર્ણય લઈ નક્કી કરેલા સ્થળ પર જ કચરાનું જાતે જ નિકાલ કરી જાતે જ પરત ફરશે જો કે રસ્તામાં કોઈ સાધન કે વ્યક્તિ આવે તો ત્યાજ રોકાઈ જાય છે પસાર થયા બાદ જ આગળ વધશે આમ સંપૂર્ણ પણે સ્વયંમ સંચાલિત કચરાપેટી તૈયાર કરી છે. જો કે રોબર્ટને બનાવવા માટે બનાસકાંઠાના ૩ વિદ્યાર્થી, ૧ નડિયાદનો વિદ્યાર્થીએ એક વર્ષ સુધી મહેનત કરી છે. બી કે ન્યુઝ સાથેની વાતચીત પાલનપુરના પાર્થ વૈદ અને હર્ષ શાહે સ્વયંમ સંચાલિત કચરાપેટીના રોબર્ટ બનાવવાના પ્રોજેક્ટ પર વિસ્તૃત પ્રકાશ પાડ્યો હતો.

# પાલનપુર પાસે ધરોઈની પાઈપલાઈનમાં ભંગાણ સર્જાતા ભરઉનાળે પ્રજા પાણી કાપથી ત્રાહીમામ

પાલનપુર, તા. ૩

પાલનપુર પાસે વાવ-સતલાસણ નજીક ધરોઈ ડેમની પીવાના પાણીની પાઈપલાઈનમાં પાલનપુર શહેરમાં પીવા માટેનું પાણી ધરોઈ ડેમમાંથી સપ્લાય થાય છે. આ પાણીની મુખ્ય પાઈપલાઈનમાં ત્રણ દિવસ અગાઉ તેવામાં આ પાઈપલાઈનના ભંગાણને પગલે તંત્રએ પાણીનો કાપ મુક્યો છે. અને દિવસમાં એક જ સમયે માત્ર ૧૦થી ૧૨ મીનીટ માટે



ભંગાણ સર્જાતા પાણીની ભારે સમસ્યા સર્જાઈ હતી. આથી નગરપાલિકાએ પાણીમાં કાપ મુકતા શહેરીજનોની હાલત ભારે કફોડી થઈ છે અને ઉનાળામાં પૈસા ખર્ચી લોકોએ પાણી મંગાવવુ પડે છે. કોઈ કારણસર વાવ-સતલાસણા નજીક ભંગાણ થયું હતું. આથી હજારો લીટર પાણીનો બગાડ થયો હતો. ઉનાળાની કાળઝાળ ગરમીમાં શહેરીજનો રોજીંદા કરતા પાણી વપરાશ ત્રણ ઘણો વધી ગયો છે. જ પાણી આપવામાં આવે છે. આથી સ્થાનિકો પાણીને લઈ ભારે ત્રાહીમામ પોકારી ઉઠ્યા છે. અને રૂપિયા ખર્ચીને પાણી મેળવવાનો વારો આવ્યો છે. ત્યારે આ પાણી કાપ દૂર થાય તેવુ નગરજનોની માંગ છે..

# પ્રાંતિજમાં ચોમાસા પહેલા જ ટ્રક ભુવામાં ઘુસી ગઈ

પ્રાંતિજ, તા. ૩

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે છેલ્લા દોઢ મહિનાથી રોડના કામને લઈને કોન્ટ્રાક્ટર દ્વારા હાલ અદશ્ય થઈ ગયો છે અને જે રોડ છે તેની આજુબાજુ ખોદકામ થઈ ગયું છે. ત્યારે હાલ તો ચોમાસાના આગમન પહેલાં જ પ્રાંતિજ



આડેધડ ખોદકામ કરી દેતા પ્રાંતિજવાસીઓ અને વાહન માલિકોને ચોમાસા આગમન પહેલા જ ભય સતાવે છે.

પ્રાંતિજ બજાર ચોક સહિત એપ્રોચ રોડથી રેલવે સ્ટેશન વિસ્તારમાં આર.એન.બી. દ્વારા રોડના કામને લઈને તથા બીજી બાજુ ગટર લાઈનને લઈને ઠેર ઠેર ખોદકામ થતાં પહેલાં બનાવેલ રોડ વાસીઓને તેમણી તથા તેમણા વાહનો સહિતની ચિંતા જોવા મળી છે. જ્યારે પ્રાંતિજ ભાખરીયા બસ સ્ટેશનથી રેલવે સ્ટેશન વિસ્તાર સુધી મોટા ભાગની સ્કૂલો કોલેજો કચેરીઓ આવેલ છે અને બાળકોને શાળાએ જવુ પણ ચોમાસામાં મુશ્કેલ બનશે અને છ થી સાત ફૂટના ખાડા હોવાથી જો કદાચ ભુવાઓ પડશે તો જવાબદારી કોની જ્યારે રેલવે સ્ટેશન વિસ્તારમાં આવેલ વાસુદેવ રાવલ પી.ટી.સી. કોલેજના ગેટ આગળ જ આજે વગર વરસાદે ખાલી ટ્રક ભુવામાં ઘુસી ગઈ છે. અને આજથી શ્રી ગણેશ તો થઈ ગયા છે. ત્યારે હવે જોવાનું એ રહ્યું કે ચોમાસામાં પ્રાંતિજ વાસીઓ અને વાહન ચાલકોને કેવા અનુભવો થશે એ હવે જોવાનું રહ્યું.

## બાયડમાં મુખ્ય માર્ગ ઉપર દુકાનમાં ચોરી થતાં પોલીસ બેહાલ

અરવલ્લી જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ દિન પ્રતિદિન કથળી રહી હોય તેવું ચિત્ર દેખાઈ રહ્યું છે. પોલીસ પેટ્રોલીંગની પોલમ પોલ ખુલ્લી છે. બાયડ નગરમાં મુખ્ય માર્ગ પર દુકાનોમાં તા. ૨-૬-૨૦૧૬ના રાત્રી દરમ્યાન ચોરી કરી બે સગીર યુવકો સી.સી.ટી.વી. કેમેરામાં તેમના ફુટેજ કેદ થતાં પોલીસ આ સગીર ચોરને હજુ પકડી શકી નથી. આ મામલે બાયડ પોલીસની નગરમાં થું..થું.. થવા લાગી છે.

# પાલનપુરમાં ઢોળાઈ ગયેલા ડામર પર તંત્રે કપચીની ભુકી નાખતા પ્રજામાં આક્રોશ

## સમસ્યા ઘટવાને બદલે વધી જતા રાહદારીઓ અને વાહનચાલકો પરેશાન

પાલનપુર, તા. ૩

પાલનપુર નગરપાલિકાતંત્રે શહેરના જાહેરમાર્ગો પર માર્ગ રીપેરીંગની કામગીરી હાથ ધરી છે. ત્યારે કેટલાક વિસ્તારના માર્ગો પર ટ્રકમાંથી બિનજરૂરી લીકવીડ ડામર પાલનપુર શહેરમાં બિસ્માર બનેલા માર્ગો પર થિગડા મારવાની કામગીરી નગરપાલિકા તંત્રએ હાથ ધરી છે. ત્યારે શહેરના ભરચક એવા દિલ્હી ગેટ, ઢાળવાસ, બારડપુરા, સંજય ચોક, જુના ટેલીફોન એક્ષચેન્જ તેમજ રાહદારીઓ મુશ્કેલીમાં મુકાઈ ગયા છે. વાહનચાલકો તો ઠીક છે પરંતુ રાહદારીઓ તો માર્ગ પર ચાલી પણ નથી શકતા. બીજી તરફ આજ માર્ગો પર ઢોળાયેલા લીકવીડ ડામરને દૂર કરવાને બદલે રેતી જેવી



ઢોળાઈ જતા રાહદારીઓને ચાલવુ મુશ્કેલ બન્યું છે. બીજી તરફ તંત્રે ઢોળાયેલા ડામર પર કપચીની ભુકી નાખતા મુશ્કેલી ઘટવાને બદલે વધી જવા પામી છે. જેથી પ્રજામાં ભારે રોષ જોવા મળ્યો છે. વિસ્તારમાં કોન્ટ્રાક્ટરની બેદરકારીને લીધે લીકવીડ ડામરનો જથ્થો ભરી પસાર થતી ટ્રકમાંથી સંખ્યાબંધ લીટર ડામરનો જથ્થો જાહેર માર્ગો પર ઢોળાઈ ગયો હતો. પરિણામે માર્ગ પર અવરજવર કરતા વાહનચાલકો કપચીની ભુકી (પાવડર) નાખી દેતા નાગરિકોની સમસ્યા ઘટવાનેબદલેવધી જવા પામી છે. પરિણામે રહિશો ભારે પરેશાન થઈ ગયા છે. અને તંત્ર વિરૂદ્ધ ઉગ્ર રોષ વ્યક્ત કર્યો છે અને સત્વરે આ સમસ્યા દૂર કરવા માંગ કરી છે.



# મરીડા ગામે મગરનુ બચ્ચુ દેખાતા દોડધામ

## વન વિભાગ એક કલાક મોડુ આવતા ગામ લોકોએ જાતે બચ્ચાને દોરડે બાંધ્યુ

નડીયાદ તાલુકાના મરીડા ગામે આજે સવારના સમયે મગરનું બચ્ચું અચાનક ખેતરમાં આવી પહોંચતા ભયનો માહોલ ફેલાઈ ગયો હતો. સ્થાનિક મહિલાઓ ખેતરમાં બાજરી વાઢી રહી હતી તે સમયે જ મગરનું બચ્ચું આવી જતા મહિલાઓએ બુમાબુમ મચાવી મુકી હતી. સમગ્ર ઘટનાની જાણ સરપંચને થતા સરપંચ અને ગામલોકો સ્થળ પર આવી પહોંચ્યા હતા. જ્યાં લોકોએ દોરડા નાખી મગરના બચ્ચાને ઝડપી પાડ્યું હતું.

## મહેસાણા જિલ્લામાં ૮, જુનથી શાળા પ્રવેશોત્સવનો પ્રારંભ

પ્રાથમિક શિક્ષણના સાર્વત્રિકરણના ધ્યેયને હાંસલ કરવા માટે મહેસાણા જિલ્લામાં તારીખ ૮, ૯, ૧૦ જુનના રોજ ગ્રામ્ય કક્ષાએ અને તારીખ ૧૫, ૧૬, ૧૭ જુનના રોજ શહેરી કક્ષાએ શાળા પ્રવેશોત્સવનું આયોજન હાથ ધરાયેલ છે. જિલ્લા વિકાસ અધિકારી શ્રી એસ.કે. લાંઘાએ જણાવ્યું હતું કે, કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવનો વ્યાપ વધે તેમજ પ્રવેશપાત્ર બાળકોનું ૧૦૦ ટકા નામાંકન થાય અને દરેક બાળક ધોરણ ૮ સુધીનુ શિક્ષણ પ્રાપ્ત કરીને વધુ અભ્યાસમાં આગળ વધે તે માટે આ આયોજન હાથ ધરવામાં આવેલ છે. દરેક અધિકારીને નેતૃત્વ આપવામાં આવશે અને તે ત્રણ દિવસ દરમ્યાન ગામોની મુલાકાત લેશે અને પ્રવેશ પાત્ર બાળકોનું ૧૦૦ ટકા નામાંકન થાય અને તે બાળકોનું સ્થાયીકરણ થાય, ગુણવત્તાવાળુ શિક્ષણ મેળવે તેવા પ્રયાસો હાથ ધરવામાં આવશે.